# —:: ટાઈટલ રિર્પોટ ::—

ઉત્રાણ, રે.સ. નંબર ૯૮,૯૯,૧૦૦,૧૦૧, બ્લોક નંબર.૮૧.

**Ashwin J Vaghasia.**
Advocate.
Mo.No.9825416187
Office Add. : 1st Floor, Laxmi Villa, Opp. Petrol Pump, NR. J.B.Diamond Circle, L.H.Road, Surat.395006.

ASHWIN J VAGHASIA
B.COM, LL.B.
ADVOCATE
OFF. : 1st Floor, Laxmi Villa, Opp. Petrol Pump, NR. J.B.Diamond Circle, L.H.Road, Surat.
MOBILE NO. 9825416817.

ASHWIN J. VAGHASIA SURAT ADVOCATE

## –:: ટાઈટલ રિપોર્ટ ::–

વિષય :–

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ અડાજણના **મોજે ગામ મોટા વરાછા** ના રેવન્યુ દફતરે નોંધાયેલ **રે.સ. નંબર ૯૮,૯૯,૧૦૦,૧૦૧ તથા બ્લોક નંબર ૮૧,** થી નોંધવામાં આવેલ જમીન જેનુ રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે.૧–૯૭–૨૯ ચો.મી. છે તે પૈકી ૧૬૧૫૧ ચો.મી. જમીનને ટી.પી.સ્કીમ નં.૨૪(મોટા વરાછા–ઉત્રાણ) લાગુ પડતા ફા.પ્લોટ નં.૯૦/એ, જેનુ ક્ષેત્રફળ ૫૩૭૨ ચો.મી., ફા.પ્લોટ નં.૯૦/બી/૧, જેનુ ક્ષેત્રફળ ૩૮૮૫ ચો.મી., ફા.પ્લોટ નં.૯૦/બી/૨, જેનુ ક્ષેત્રફળ ૧૨૮૩ ચો.મી. ફાળવવામાં આવેલ છે, તથા ૭/૧૨ મુજબનું બાકીનું ક્ષેત્રફળ ૩૫૭૮ ચો.મી. જમીનને ટી.પી. સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) લાગુ પડતા ફાઈનલ પ્લોટ નં.૨, ફાળવવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૨૩૨૭ ચો.મી. ફાળવવામાં આવેલ. તે પૈકી **ટી.પી. સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ)** ના **ફાઈનલ પ્લોટ નં.૯૦/બી/૧,**થી નોંધાયેલ બીનખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ ૩૮૮૫ ચો.મી. છે તે બિનખેતીની જમીનમાં **"મે. શ્રી ઈન્ફ્રા"** દ્વારા બાંધવામાં આવેલ **" રંગીલા પાર્ક "** નામની લો–રાઈઝ ઈમારત સહીતની જગ્યાનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ.

## મિલકત ધરાવનારનું નામ અને સરનામું

**મે. શ્રી ઈન્ફ્રા** એ નામની એક રજીસ્ટ્રર ભાગીદારી પેઢી.
સરનામું. બ્લોક નં.૮૧, મોટા વરાછા, સુરત.
તેના વતી અને તરફે વહીવટ કર્તા અધિકૃત ભાગીદાર તરીકે..
**શ્રી અમીતભાઈ ભોળાભાઈ શીંગાળા, PAN No.CYVPS1570E**
ઉ.વ.આ.૩૪, ધંધો : વેપાર/બાંધકામ, જાતનાં : હિન્દુ,
રહેવાસી : ૬૬, પ્રમુખ પાર્ક રો–હાઉસ, સેટેલાઈટ રોડ, મોટા વરાછા, સુરત.

## —:: મિલકતના ટાઈટલની વિગત ::—

ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ ઉત્રાણના રેવન્યું સર્વે નંબર ૯૮,૯૯,૧૦૧, થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન પરાગજીભાઈ નાથુભાઈ તથા રામુભાઈ નાથુભાઈએ હાજી ઈસ્માઈલ સુલેમાન વૈદ પાસેથી રૂા.૯૫૦/—સારૂં તા.૦૩/૦૫/૧૯૪૭ના રોજ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી. સદરહું દસ્તાવેજમાંથી રાખેલી જમીનના ગામના નામમાં ભુલ થયેલી હોવાથી તે અંગેનો સુધારાનો રજી. વેચાણ દસ્તાવેજ તા.૨૮/૦૩/૧૯૪૯ના રોજ થયેલ. જે અંગેની વેચાણ નોંધ સુધારાના વેચાણ દસ્તાવેજની નકલ આધારે ગામ દફતરેગામ નમુના નં.૬ માં એન્ટ્રી નં.૩૮૨ થી તા.૧૯/૦૫/૧૯૪૯ના રોજ કરવામાં આવેલ છે, જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકો સુરત સીટી મોજે ગામ ઉત્રાણના રેવન્યુ સર્વે નંબર ૯૮, ૯૯, અને ૧૦૧ થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન પરાગજીભાઈ નાથુભાઈ તથા રામુભાઈએ હાજી ઈસ્માઈલ સુલેમાન વૈદ પાસેથી રૂા.૯૫૦/— સારૂ. તારીખ. ૦૩/૦૫/૧૯૪૭ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણે રાખેલી.સદરહુ દસ્તાવેજમાંથી રાખેલી જમીનના ગામના નામમાં ભુલ થયેલી હોવાથી તે અંગેનો સુધારાનો રજી. વેચાણ દસ્તાવેજ તા.૨૮/૦૩/૧૯૪૯ ના રોજ થયેલ. જે અંગેની વેચાણ નોંધ સુધારાના વેચાણ દસ્તાવેજની નકલના આધારે ગામ દફતરે ગામ નમુનો હકક પત્રક નં.૬ માં એન્ટ્રી નં. ૩૮૨ થી તા.૧૯/૦૫/૧૯૪૯ ના રોજ થયેલ છે અને સદરહુ એન્ટ્રી પ્રમાણીત થયેલ છે એ રીતે સદરહુ જમીનના સંપૂર્ણ સહમાલીક, મુખત્યાર, કબજેદાર અને વહીવટદાર પરાગજીભાઈ નાથુભાઈ તથા રામુભાઈ નાથુભાઈ થયેલા.

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકો સુરત સીટી મોજે ગામ ઉત્રાણના રેવન્યુ સર્વે નંબર ૧૦૦, થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન પરાગજીભાઈ નાથુભાઈ તથા રામુભાઈ નાથુભાઈએ ગોવિંદજી મોરા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણે રાખેલી. જે અંગે મહે. મામલતદાર સાહેબે તેમના હુકમ નં. આર. ટી. એસ./ ૦ થી તા.૨૩/૦૭/૧૯૫૨ ના રોજ હુકમ કરેલ. સદરહું હુકમ આધારે સદરહું વેચાણ અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુનો હકક પત્રક નં.૬ માં એન્ટ્રી નં. ૪૦૪ થી તા.૨૯/૦૭/૧૯૫૨ ના રોજ પડેલ છે અને

સદરહુ એન્ટ્રી તા.૧૩/૦૮/૧૯૫ર પ્રમાણીત થયેલ છે એ રીતે સદરહુ સર્વે નંબરવાળી જમીનના સંપૂર્ણ સહમાલીક, મુખત્યાર, કબજેદાર અને વહીવટદાર પરાગજીભાઈ નાથુભાઈ તથા રામુભાઈ નાથુભાઈ થયેલા.

ત્યારબાદ સદરહું સર્વે નંબર ૯૮, ૯૯, ૧૦૦ અને ૧૦૧ વાળી જમીનમાં વપરાશી હકક સંપાદન કરવા તેલ અને કુદરતી વાયુ પંચે (ગુજરાત પાઈપ લાઈન પ્રોજેકટ વડોદરા પેટ્રોલીયમ પાઈપ લાઈન એકટ સને ૧૯૬૨) અન્વયે સદરહું જમીનમાં ઉત્રાણ અંકલેશ્વર ગેસ પાઈપ લાઈન નાખવાનો વપરાશી હકક સંપાદન કરેલ હોય, વપરાશ હકક સંપાદન કરવા (કોમ્પીટન્ટ ઓથોરીટી) લાઈન ઓફીસર સાહેબ, વડોદરાના હુકમ નં. સી.એન.એલ./એલ./જી/૪૪૯/ તા.૧૩/૦૭/૧૯૭૬ ના હુકમ અન્વયે બીજા હકકમાં નોંધ કરવામાં આવેલ છે. જે અંગેની એન્ટ્રી ગામ દફતરે ગામ નમુનો હકક પત્રક નં.૬ માં એન્ટ્રી નં. ૮૦૨ થી તા.૧૫/૧૦/૧૯૭૭ ના રોજ પડેલ છે.

ત્યારબાદ સદરહું સર્વે નંબર ૯૮, ૯૯, ૧૦૦ અને ૧૦૧ વાળી જમીનના માલીકો પરાગજીભાઈ નાથુભાઈ તથા રામુભાઈ નાથુભાઈ પૈકી પરાગજીભાઈ નાથુભાઈ તા.૧૮/૦૪/૧૯૭૮ ના રોજ ગુજરી જતાં તેમના સીધીલીટીના વારસદારો તરીકે વારસાઈ પત્રકમાં બતાવ્યા પ્રમાણેના વારસદારો પૈકી નંદુબેન પરાગજીભાઈ નાથુભાઈની વિધવાનું નામ પક્ષકારોના જવાબ, પંચકયાસ આધારે ગામ દફતરે દાખલ કરવામાં આવેલ. જે અંગેની વારસાઈ નોંધ ગામ દફતરે ગામ નમુનો હકક પત્રક નં.૬ માં એન્ટ્રી નં.૮૦૯ થી તા.૧૪/૦૬/૧૯૭૮ ના રોજ પડેલ છે. અને સદરહુ એન્ટ્રી પ્રમાણીત થયેલ છે. એ રીતે સદરહુ જમીનોના રામુભાઈ નાથુભાઈ અને નંદુબેન પરાગજીભાઈ નાથુભાઈની વિધવા સંયુકત માલીક મુખત્યાર, કબજેદાર થયેલા.

ત્યારબાદ મે. જીલ્લા ઈન્સ્પેકટર જમીન રેકર્ડઝ સુરતના હુકમ નં કે. જે. પી. એસ આર./૭/૮૧/૮૨ થી એકત્રીકરણ યોજના મુજબ સદરહું મોજે ગામ ઉત્રાણ ગામે એકત્રીકરણનો કાયદો અમલમાં આવેલ. જે મુજબ સદરહું સર્વે નંબર ૯૮, ૯૯, ૧૦૦ અને ૧૦૧ વાળી જમીનને બ્લોક નં.૮૧ આપવામાં આવેલ. જે અંગેની એકત્રીકરણની નોંધ ગામ દફતરે ગામ નમુનો હકક પત્રક નં.૬ માં બીજા હકક એન્ટ્રી નં.૮૯૬ થી તા.૧૬/૦૭/૧૯૮૨ ના રોજ પડેલ છે. સદરહુ એન્ટ્રી તા.૦૧/૦૩/૧૯૮૩ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહું બ્લોક નં.૮૧ વાળી જમીનના માલીકો પૈકી રામુભાઈ નાથુભાઈ તા.૨૬/૧૨/૧૯૮૬ના રોજ ગુજરી જવાથી, તેમના સીધીલીટીના વારસદારોમાં (૧)કંકુબેન તે રામુભાઈ નાથુભાઈ વિધવા તથા (૨)ઘનસુખભાઈ રામુભાઈ નામ ગામ દફતરે પેઢીનામું, પંચકયાસ, મરણનો દાખલો તથા પક્ષકારોના જવાબ આધારે વારસાઈ હકકે જમીન માલીક તરીકે દાખલ કરવામાં આવેલ. જે અંગેની વારસાઈ નોંધ ગામ નમુનો હકક પત્રક નં.૬ માં એન્ટ્રી નં.૯૮૮ થી તા.૧૨/૦૨/૧૯૮૭ ના રોજ પડેલ છે. સદરહુ એન્ટ્રી તા.૦૮/૦૪/૧૯૮૭ ના રોજ પ્રમાણીત થયેલ છે. એ રીતે સદરહું બ્લોક વાળી જમીન (૧) નંદુબેન તે પરાગજીભાઈ નાથુભાઈની વિધવા (૨) કંકુબેન તે રામુભાઈ નાથુભાઈ વિધવા (૩)ઘનસુખભાઈ રામુભાઈ સંપૂર્ણ સહમાલીક, મુખત્યાર, કબજેદાર થયેલા અને ચાલી આવેલા.

ત્યારબાદ સદરહું જમીન માલીકો પૈકી નંદુબેન તે પરાગજીભાઈ નાથુભાઈની વિધવા તા.૨૬/૧૨/૧૯૮૬ ના રોજ અપૂત્રવાન ગુજરી ગયેલા. જેથી મર્હુમ નંદુબેન તે પરાગજીભાઈ નાથુભાઈની વિધવાના સીધીલીટીના કોઈ વારસદારો ન હોવાથી તેમણે તા.૦૧/૧૦/૧૯૯૬ ના રોજ તેમની હયાતી માં કરેલ વીલ યાને વસીયતનામા આધારે હિસ્સાની જમીન તેમના ભત્રીજાઓ નામે (૧)ખુશાલભાઈ હિરાભાઈ (૨)નટવરભાઈ હિરાભાઈ તથા (૩)ડાહયાભાઈ હિરાભાઈને પ્રાપ્ત થયેલ, અને તેઓ પૈકી ડાહયાભાઈ હિરાભાઈ તા.૨૪/૦૬/૧૯૮૯ ના રોજ ગુજરી જવાથી, તેમના સીધીલીટીના વારસદારો તરીકે તેમના પુત્રો (૧)નરેન્દ્રભાઈ ડાહયાભાઈ (૨)જગદીશભાઈ ડાહયાભાઈ (૩)હરીશભાઈ ડાહયાભાઈના સયુંકત નામો મર્હુમ ડાહયાભાઈ હિરાભાઈનુ નામ કમી કરી, મર્હુમ ડાહયાભાઈ હિરાભાઈના હિસ્સાની જમીન માલીક, કબજેદાર તરીકે ગામ દફતરે દાખલ કરેલા. જે અંગેની વારસાઈ નોંધ ગામ દફતરે ગામ નમુનો હકક પત્રક નં.૬ માં એન્ટ્રી નં.૧૬૪૫ થી તા.૩૦/૦૮/૨૦૦૧ ના રોજ પડેલ છે. અને સદરહુ એન્ટ્રી તા.૦૩/૧૦/૨૦૦૧ પ્રમાણીત થયેલ છે. એ રીતે સદરહુ બ્લોક નંબર વાળી જમીનના અમો બીજાપક્ષના (૧) કંકુબેન તે રામુભાઈ નાથુભાઈ વિધવા તથા (૨) ઘનસુખભાઈ રામુભાઈ (૩)ખુશાલભાઈ હિરાભાઈ (૪) નટવરભાઈ હિરાભાઈ (૫)નરેન્દ્રભાઈ ડાહયાભાઈ (૬)

જગદીશભાઈ ડાહયાભાઈ (૭)હરીશભાઈ ડાહયાભાઈ સંપૂર્ણ સહમાલીકો, મુખત્યારો, કબજેદારો અને વહીવટદારો બનેલા અને ચાલી આવેલા.

ત્યારબાદ સદરહુ બ્લોક નં.૮૧ વાળી જમીન અંગે પેટ્રોલીયમ અને ખનીજ પાઈપલાઈન અધિનિયમ ૧૯૬૨ હેઠળ વપરાશી હકક સંપાદન નોંધ ૨૦/૯૧૦૩ ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ લી. ગાંધીનગર દ્વારા સુરત જીલ્લાના મોજે ઉત્રાણ સુધી કુદરતી ગેસ વહનના કામે ઉત્રાણ તા. ચોર્યાસી, જી. સુરત ગામની ખાનગી સરકારી જમીનો વપરાશી હકકથી સંપાદન કરવામાં આવેલ છે અને તે અંગે ભારત સરકારશ્રીના પેટ્રોલીયમ અને ખનીજ પાઈપ લાઈન (જમીનમાંના વપરાશી હકક સંપાદન અધિનિયમ ૧૯૬૨ ની કલમ–૬(૧) નું જાહેરનામું ભારત સરકાર શ્રીના પેટ્રોલીયમ ને કુદરતી વાયુ મંત્રાલયના ક્રમાંક ૨૫૩૧ તા.૧૯–૦૯–૨૦૦૧ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. ઉપરાંત ઉપર જણાવેલ એવોર્ડ પણ જાહેર કરવામાં આવ્યા છે. તે મુજબ સંબધિત જમીનમાં ગુજરાત પેટ્રોલીયમ કોર્પોરેશન લી. ગાંધીનગર દ્વારા વપરાશી હકક પત્રક નં. ૬ માં એન્ટ્રી નં. ૧૭૪૭ મુજબ હે.આરે.ગુઠાં ૦–૨૫–૨૦ અને હે.આરે.ગુંઠા ૦–૦૪–૮૯ કુલ્લે હે.આરે.ચો.મી. ૦–૩૦–૦૯ જમીન માટે વપરાશી હકક સંપાદન અંગેની નોંધ એન્ટ્રી નં. ૧૭૪૭ થી ગામ દફતરે પડેલ છે.

ત્યારબાદ સદરહુ બ્લોક નં.૮૧ વાળી જમીન અંગે ગામ દફતરે પડેલ નોંધ નં. ૧૬૪૫ તા. ૩૦–૦૮–૨૦૦૧ થી નંદુબેન તે પરાગભાઈ નાથુની વિધવાનુ નામ કમી કરવાનું રહી ગયેલ હોય તે કમી કરવા શ્રી ખુશાલ હીરાભાઈએ તા.૧૮–૦૪–૨૦૦૬ ના રોજ મામલતદાર સાહેબ ચોર્યાસીને અરજી કરેલ. જેના અનુસંધાને મામલતદાર ચોર્યાસીના હુકમ નં. આરટીએસ/સુધારા/રજી. નં. ૦૬ તા. ૨૯–૦૫–૨૦૦૬ મુજબ નંદુબેન તે પરાગભાઈ નાથુની વિધવાનું નામ આવેલ અરજી તથા હુકમ આધારે કમી કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે એન્ટ્રી નં.૧૯૮૧ થી તા.૦૨–૦૬–૨૦૦૬ ના રોજ પડેલ છે અને સદરહુ એન્ટ્રી તા. ૦૭–૦૨–૨૦૦૭ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ઉત્રાણ ગામને સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવા પ્રાદેશીક ફેરફાર કરવાની સુચના મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નં. (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬ તા. ૧૯–૧૦–૦૬ ના રોજ હુકમથી મળતા, આમ, સુરત મહાનગરપાલીકાની હદનુ વિસ્તરણ થવાથી, ચોર્યાસી તાલુકાના

J. V
URA
VOCA

ઉત્રાણ ગામનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ ગામ નમુનો હકક પત્રક નં. ૬ માં એન્ટ્રી નં. ૨૦૫૧ અને ૨૦૫૨ થી તા. ૨૬–૧૨–૦૬ ના રોજ પાડવામાં આવેલ છે. જે એન્ટ્રી મહે. કલેકટર સાહેબના તા.૧૯–૧૦–૨૦૦૬ ના પ્રાદેશીક ફેરફાર કરવાના આદેશ મુજબ તા. ૨૨–૧૨–૨૦૦૬ તથા ૨૭–૧૨–૨૦૦૬ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીનના માલીક તરીકે (૧) ખુશાલભાઈ હિરાભાઈ (૨) નટવરભાઈ હિરાભાઈ (૩)નરેન્દ્રભાઈ ડાહયાભાઈ (૪)જગદીશભાઈ ડાહયાભાઈ (૫)હરીશભાઈ ડાહયાભાઈ (૬)કંકુબેન તે રામુભાઈ નાથુભાઈ વિધવા તથા (૭)ઘનસુખભાઈ રામુભાઈના સયુંકત નામે ચાલી આવેલ. તેઓ પાસેથી સદરહું જમીન મે. શ્રી ઈન્ફ્રા નામની એક ભાગીદારી પેઢીએ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે.સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી સુરત–૪ (કતારગામ)ની કચેરીએ દસ્તાવેજ અનુક્રમ નંબર ૧૪૫૩૭ થી તા.૨૩/૦૭/૨૦૦૮ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ માં એન્ટ્રી નં.૨૧૮૩ થી તા.૨૪/૦૯/૨૦૦૮ના રોજ કરવામાં આવેલ છે, જે નોંધ તારીખ ૧૨/૦૧/૨૦૦૯ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન મિલકતને જમીનના માલીકોએ બીનખેતીના કૃત્યો કરવા માટે અરજી કરેલ. જે અંગે મે. સુરતના કલેકટરશ્રી ના હુકમ નંબર એ/બખપ/સુડા/એસ.આર. નં.૨૪૫/૦૭–૦૮ વશી.૪૮૨૨ થી ૪૮૩૫/૨૦૦૮ તા.૨૨/૧૨/૨૦૦૮ થી સદરહું જમીનને બીનખેતી અંગેનો હુકમ આપવામાં આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ હકકપત્રકમાં એન્ટ્રી નં.૨૧૯૪,થી તા.૨૨/૦૧/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ છે, જે નોંધ તા.૧૭/૦૪/૨૦૦૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીનમા ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લી. ગાંધીનગર (ગુજરાત સરકારનું જાહેર સાહસ– ગુજરાત સ્ટેટ પેટ્રોલીય કોર્પોરેશન લી.ની ગૌણ કંપની) દ્વારા સદરહું જમીનમાં ગેસપાઈપ લાઈન પસાર કરવામાં આવેલી છે. જે અંગે જમીનોમાંનો વપરાશી હકક સંપાદન કરવામા આવેલ છે. અને તે અંગે ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમીલ્સ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક (૧) જીયુ–૨૦૦૯થી કલમ(૧) નું જાહેરનામું ગુજરાત પાણીની અને ગેસની પાઈપલાઈન જમીનોમાંનો વપરાશી હકક સંપાદન કરવા

VAGA RAT OCATE

અધિનિયમ ૨૦૦૦ની જોગવાળ મુજબ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામા આવેલ છે.જે આધારે તથા સક્ષમ અધિકારી શ્રી ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લી.ગાંધીનગરના એવોર્ડ નં.૦૯/ઓલપાડ– ઉત્રાણ/૨૦૦૯ તા.૩૧/૦૭/૨૦૦૯ના એવોર્ડ મુજબ ૭/૧૨ના રેકર્ડમા બોજાહકકમાં બ્લોક નંબર ૮૧, ક્ષેત્રફળ ૦–૪૫–૨૦ ચો.મી. મુજબ ક્ષેત્રફળ દર્શાવવા નોંધ કરવામા આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ હકકપત્રકમાં એન્ટ્રી નં.૨૨૩૩,થી તા.૧૧/૦૯/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ છે, જે નોંધ તા.૦૪/૧૨/૨૦૦૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીન મિલકતને જમીનના માલીકોએ મલ્ટીપર્પઝ ના હેતુ માટે રીવાઈઝ બીનખેતીના કૃત્યો કરવા માટે અરજી કરેલ. જે અંગે મે. સુરતના કલેકટરશ્રી ના હુકમ નંબર (જે)બખ/તપસ/ક–૬૭/રજી. ન.૧૭૮/૨૦૧૮–૧૯ તા.૧૬/૦૪/૨૦૧૯ થી મલ્ટીપર્પઝ હેતુ માટે રીવાઈઝ બીનખેતી અંગેનો હુકમ આપવામાં આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ હકકપત્રકમાં એન્ટ્રી નં.૨૮૩૪,થી તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે, જે નોંધ તા.૧૭/૦૭/૨૦૧૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીન પર બાંધકામ અંગેની વિકાસ પરવાનગી મે. સુરત મહાનગર પાલીકા તરફથી સદરહું જમીનને હુકમ નં.ટી.ડી.ઓ./ડી.પી.૧૪૬, થી તા.૦૪/૧૦/૨૦૨૨ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

આમ સદરહું **રે.સ. નંબર ૯૮,૯૯,૧૦૦,૧૦૧ તથા બ્લોક નંબર ૮૧,** થી નોંધવામાં આવેલ, **ટી.પી. સ્કીમ નં.૨૪** (મોટા વરાછા–ઉત્રાણ) ના **ફાઈનલ પ્લોટ નં.૯૦/બી/૧,** વાળી જમીનના કુલ સંપુર્ણ અને સ્વતંત્ર માલીક, મુખત્યાર તરીકે **મે. શ્રી ઈન્ફ્રા** નાં નામથી ચાલતી ભાગીદારી પેઢી બનેલ છે. એણી વિગતે, સદરહું જમીન મિલકતના ટાઈટલસ સંપુર્ણ બને છે.

સદરહું મિલકતનો મુળ કબજો, ભોગવટો તથા મુળ માલીક તરીકે વેચનાર તથા ખરીદનાર સંબંધી છેલ્લા ૩૦ વર્ષની તપાસણી ચકાચણી માટે સબ રજીસ્ટ્રાર શ્રી કતારગામની કચેરીમાં અરજી નંબર ૪૨૨૫ પહોંચ નંબર ૨૦૨૩૦૨૧૦૦૦

AGH AT GAT

૧૦૦૮૯ થી તા.૨૩/૦૨/૨૦૨૩ તથા સબ રજીસ્ટ્રાર શ્રી અઠવાની કચેરીમાં અરજી નંબર ૮૫૯૮ પહોંચ નંબર ૨૦૨૩૦૧૮૦૦૦૧૨૮૮૨ થી તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજ મેળવેલ છે. સદરહું સર્વેની પહોંચ આ સાથે સામેલ છે.

આ રીતે સદરહું બ્લોક નંબર ૮૧,ના મે નીચે વિગતે પેપર્સ તપાસી જોયેલ છે.

(૧) બ્લોક નં. ૮૧ ના વેચાણ દસ્તાવેજની ઓરીજનલ નકલ.

(૨) ગામ નમુના નંબર ૬(હકકપત્રક) ની તમામ પ્રમાણીત નકલ નોંધ.

(૩)૭/૧૨,૮–અ,ની નકલો પ્રમાણીત છે.

(૪)સુરત મહાનગર પાલીકાના વિકાસ પરવાનગી(બાંધકામ પરવાનગી)ની પ્રમાણીત નકલ.

(૫)શહેરી વિકાસ સતા મંડળ સુરત (ઝોનીંગ સર્ટીફીકેટ)ની પ્રમાણીત નકલ.

(૬)શહેરી વિકાસ સતા મંડળ સુરત(સબ ડિવીઝનલ સર્ટીફીકેટ)ની પ્રમાણીત નકલ.

(૭) 'બ' ફોર્મની પ્રમાણીત નકલ.

(૮)ટી.પી. પાર્ટ પ્લાનની પ્રમાણીત નકલ.

(૯)સીમતળ(ગામ)ના નકશાની પ્રમાણીત નકલ.

(૧૦)એકત્રીકરણ તખ્તાની પ્રમાણીત નકલ.

(૧૧) ભાગીદારી પેઢીની નકલ.

(૧૨)ભાગીદારી રજીસ્ટ્રેશનના 'જી' ફોર્મની પ્રમાણીત નકલ.

(૧૩)કલેકટરશ્રી સુરત(બીન ખેતી હુકમ)ની પ્રમાણીત નકલ.

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ અડાજણના **મોજે** ગામ **મોટા વરાછા** ના રેવન્યુ દફતરે નોંધાયેલ **રે.સ. નંબર ૯૮,૯૯,૧૦૦,૧૦૧** તથા **બ્લોક નંબર ૮૧,** થી નોંધવામાં આવેલ જમીન જેનુ રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે. ૧–૯૭–૨૯ ચો.મી. છે તે પૈકી ૧૬૧૫૧ ચો.મી. જમીનને ટી.પી.સ્કીમ નં.૨૪(મોટા વરાછા–ઉત્રાણ) લાગુ પડતા ફા.પ્લોટ નં.૯૦/એ, જેનુ ક્ષેત્રફળ ૫૩૭૨ ચો.મી., ફા.પ્લોટ નં.૯૦/બી/૧, જેનુ ક્ષેત્રફળ ૩૮૮૫ ચો.મી., ફા.પ્લોટ નં.૯૦/બી/૨, જેનુ ક્ષેત્રફળ ૧૨૮૩ ચો.મી. ફાળવવામાં આવેલ છે, તથા ૭/૧૨

મુજબનું બાકીનું ક્ષેત્રફળ ૩૫૭૮ ચો.મી. જમીનને ટી.પી. સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) લાગુ પડતા ફાઈનલ પ્લોટ નં.૨, ફાળવવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૨૩૨૭ ચો.મી. ફાળવવામાં આવેલ. તે પૈકી **ટી.પી. સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ)** ના **ફાઈનલ પ્લોટ નં.૯૦/બી/૧**,થી નોંધાયેલ બીનખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ ૩૮૮૫ ચો.મી. છે તે બિનખેતીની જમીનમાં "**મે. શ્રી ઈન્ફ્રા**" દ્વારા બાંધવામાં આવેલ " **રંગીલા પાર્ક** " નામની લો–રાઈઝ ઈમારત સહીતની મિલકત તે "**મે. શ્રી ઈન્ફ્રા**" એ નામની ભાગીદારી પેઢીની માલીકી, કબજેદાર તથા ભોગવટેદાર હોવાનુ જણાય છે અને તે પરત્વેના તેમના ટાઈટલ ચોખ્ખા, વ્યાજબી, શંકાથી પર તેમજ માર્કેટેબલ છે, તેવો મારો અભિપ્રાય છે.

સ્થળ :– સુરત.

તારીખ :–૨૫/૦૨/૨૦૨૩.

**અશ્વિન જે. વઘાસીયા.**

ASHWIN J. VAGHASIA SURAT ADVOCATE

એડવોકેટ

## Inspector General of Registration
## Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે. સ. ન. 98,99,100,101 બ્લોક ન. 81, ટી. પી. 24, એફ. પી.90/બી/1

Search in : UTRAN/UTRAN

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૩૦૧૮૦૦૦૧૨૮૮૨ | અરજી નંબર | ૮૫૯૮ | અરજી વર્ષ | ૨૦૨૩ |
| તારીખ | ૨૩ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૨૩ |

રજુ કરનારનું નામ ASHWIN J VAGHASIA

ટ્રાન્જેક્સન નંબર 20230222487235518

THE SEAL OF THE SUB REGISTRAR સુરત સીટી-૧ (અઠવા) SURAT

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી........વર્ષ : 1994 થી 1999 | ૭૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| અન્ય ફી ........ | |

| કુલ એકંદરે રૂ. | ૭૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા સીત્તેર પુરા

એમ. આર. પરમાર
સબ રજીસ્ટ્રાર
સુરત - 1 City

# Inspector General of Registration
# Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે. સ. ન. 98,99,100,101, બ્લોક ન. 81, ટી. પી. ન. 24, એફ. પી. ન. 90/બી/1

Search in : ઉત્રાણ /UTRAN

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૩૦૨૧૦૦૦૧૦૦૮૯ | અરજી નંબર | ૪૨૨૫ | અરજી વર્ષ | ૨૦૨૩ |
| તારીખ | ૨૩ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૨૩ |

રજુ કરનારનું નામ ASHWIN J VAGHASIA

ટ્રાન્જેક્સન નંબર 20230222250933324

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................................ | |
| શેરોની નકલ કરવા માટે ફી............................................ | |
| ટપાલ ખર્ચ............................................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )................................ | |
| શોધ અગર તપાસણી....................વર્ષ : 1999 થી 2023 | ૩૬૦.૦૦ |
| દંડ કલમ-૨૫.......................................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )................................................ | |
| નકલ ફી ફોલીયો...................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ......................................................... | |
| અન્ય ફી ............................................................ | |
| કુલ એકંદરે રૂ. | ૩૬૦.૦૦ |

અંકે રૂપીયા ત્રણ સો સાઈઠ પુરા

THE SEAL OF THE SUB REGISTRAR સુરત-૪ (કતારગામ) SURAT-4 (KATARGAM) સત્યમેવ જયતે

Rajesh Laxmanbhai Chaudhari
સબ રજીસ્ટ્રાર
સુરત - 4 Katargam

IGR-NIC(G) 202302100010089 (W)

23/02/2023 13:15:13

## ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

**Search in : ASHWIN J VAGHASIA** અરજી નંબર : 4225 ગામ નું નામ : **UTRAN**

**Search Year : 2005 - 2023** મિલ્કતનું વર્ણન : રે. સ. ન. 98,99,100,101, બ્લોક ન. 81, ટી. પી. ન. 24, એફ. પી. ન. 90/બી/1

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-4 Katargam** મા -25 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 23/02/2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર(જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br><br>રૂ.22340000.00 | ઉત્રાણના રેવન્યુ સર્વે નં. 98,99,100,101, બ્લોક નં. 81 થી નોંધાયેલી બીનખેતીની જમીન જેનું 7×12 મુજબનું કુલ ક્ષેત્રફળ 1–હેક્ટર, 97–આરે, 29–પ્રતિઆરે યાને 19729 ચો.મી. છે તે પૈકીની 16151 ચો.મી. જમીનને ટી.પી.સ્કીમ નં. 24 (મોટા વરાછા-ઉત્રાણ) લાગુ પડતા ઓ.પી.નં.90, ક્ષેત્રફળ 16151 ચો.મી., ફા.પ્લોટ નં. 90/એ, ક્ષેત્રફળ 5372 ચો.મી., ફા.પ્લોટ નં. 90/બી/1, ક્ષેત્રફળ 3885 ચો.મી., ફા.પ્લોટ નં. 90/બી/2, ક્ષેત્રફળ 1283 ચો.મી. ફાળવવામાં આવેલ છે તથા 7/12 પૈકીની 3578 ચો.મી. જમીનને ટી.પી.સ્કીમ નં. 27 (ઉત્રાણ—કોસાડ) લાગુ પડતા ઓ.પી.નં. 2, ક્ષેત્રફળ 3578 ચો.મી., ફા.પ્લોટ નં. 2, ક્ષેત્રફળ 2327 ચો.મી. ફાળવવામાં આવેલ છે. તે પૈકી ટી.પી.સ્કીમ નં. 24 (મોટા વરાછા–ઉત્રાણ) ના ફા.પ્લોટ નં. 90/બી/1 ની 3885 ચો.મી. ક્ષેત્રફળવાળી જુની શરતની, રેસીડન્ટ ઝોનની, બીનખેતીની જમીન | | | રમેશભાઈ ખોડાભાઈ .<br>ભારતીબેન બાબુભાઈ .<br>મનુભાઈ રણછોડભાઈ . | મે. શ્રી ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢી વતી અને તરફે તેના અધિકૃત વહીવટ કર્તા ભાગીદારો તરીકે<br>1.અમીતભાઈ ભોળાભાઈ શીંગાળા<br>2. જય બાબુભાઈ પડસાળા | 21-11-2022<br><br>21-11-2022 | 36265 | |

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT-4 (KATARGAM) * સબ રજીસ્ટ્રાર સુરત-૪ (કતારગામ) સત્યમેવ જયતે

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : ASHWIN J VAGHASIA** અરજી નંબર : 4225 ગામ નું નામ : **UTRAN**

**Search Year : 2005 - 2023** મિલ્કતનું વર્ણન : રે. સ. ન. 98,99,100,101, બ્લોક ન. 81, ટી. પી. ન. 24, એફ. પી. ન. 90/બી/1

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-4 Katargam** મા -25 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 23/02/2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

| |
|---|
| ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર **20230222250933324** Date **22/02/2023** થી મળેલ છે. |

સબ-રજીસ્ટ્રાર

**Sub-Registrar Office(SRO) SURAT-4 Katargam**

પ્રિન્ટ તારીખ : 23/02/2023 13:16:30